# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ગૌવંશ કત્લબંધીનાં વચન આપી ફરી જાય છે!
કરાવે ભેલાણ ગૌચરનું, ઉદ્યોગો ચરી જાય છે!
તરી જાય છે પથ્થરા બની ચૂંટણીમાં સેતુ બાંધી -
આવતા જાય છે ચૂકાદા, 'સદ્ભાવ' થી ડરી જાય છે!

## હાઈકુ

અર્જુન દાઝ્યા!
'ગુજરાત ભવન'
ના લાક્ષાગૃહે..
(સોફા પર સત્યાગ્રહ)

મત સોગઠાં,
ચૂંટણીનાં ચોગઠાં-
ફેંકે ફોગઠાં..
(પોલીસ ગંજીપે ચીપ)

## ચિંતન

**લક્ષ્મીઃ તો ચ તરંગ ભંગ ચપલા, વિદ્યુત ચલં જીવિતમ્ ।**

'ધન-સંપત્તિ-ભૌતિક સુખો વગેરે પાણી-સમુદ્રમાં ઉઠતાં તરંગ-મોજાંની જેમ તરત જ વેરાઇ જાય, સમી જાય છે, તેમ લક્ષ્મી પણ ચંચળ હોઇ તરત જ હાથમાંથી સરી જાય છે. જીવન પણ વિજળીના ચમકારા જેવું ક્ષણિક અને ચંચળ છે. અર્થાત ધન-સંપત્તિ-જીવન બધું જ ક્ષણભંગુર છે.

આજકાલ આપણા માનવંતા પ્રધાનશ્રી સચિવો બધા જ કોઇને કોઇ કૌભાંડ અને કેગના સાણસામાં સપડાયા છે. આવા લોકો ઉચ્ચ પદે બિરાજમાન હોય એટલે ધર્મ-શાસ્ત્રો અને સંસાર-વ્યવહારમાં તો વિદ્વાન-પંડિત તો હોય જ આમ, છતાં એ લોકો જીવન, સંપત્તિ, ભૌતિક સુખોની ક્ષણ ભંગુરતા-ચંચળતા સમજતા કેમ નહીં હોય?

જેલ અને ફાંસી માંચડે બેઠેલાઓને ખબર કેમ નહીં પડતી હોય કે કૌભાંડ-ખાયકીની ખીંચડી સાથે ચાલવાની નથી, ભૌતિક સુખો ક્ષણિક જ છે, બાકી તો જેલમાં જ રિબાવાનું છે..

જીવનનો હેતુ-લક્ષ્ય અને ધ્યેય જે નથી સમજતા એ લોકો જીવન વેડફી નાખે છે. સાચી દિશામાં યોગ્ય દૃષ્ટિથી જો જીવન જોઇ-સમજી શકે તો જ જીવન સફળ થાય.

## સુવિચાર

- મનમાં અનેક સંકલ્પ-વિકલ્પ થયા કરે તેમાંથી કયો હિતકર્તા છે, એનો નિર્ણય કરવા માટે 'વિવેક' શક્તિ હોવી જરૂરી છે - ડો. શિવાનંદ અધ્વર્યુ
- કાગળ પરના ઠરાવની કંઇ કામ થઇ જતાં નથી, કાગળ પરના આદેશથી કોઇ કાર્ય દબાઇ જતું નથી - ગુરુજી ગોલવલકર
- જે રસ્તો સરમુખત્યારીમાંથી પસાર થતો હોય તે સમાજવાદનો રસ્તો તો નથી જ. લોકશાહીમાં લોકોની ઇચ્છા માટે પૂર્ણ સ્વતંત્રતા હોવી જોઇએ - શ્રી જે.પી.
- માણસ જેવું વિચારતો હોય છે એવાં જ વિચારોનાં મોજાં એની આસપાસના વાતાવરણમાં ફેલાય છે - શ્રી મોટા
- અનંત સુધી પહોંચવાના રસ્તા પણ અનંત છે અને સાધનો પણ અનંત છે, માટે કોઇ સંત, સાધુ, સંપ્રદાય-પંથની નિંદા ન કરો - રંગ અવધૂત
- મરી જાવ, પણ અન્યાય સામે ઝૂકશો નહીં - સુભાષચંદ્ર બોઝ
- બાળકને જેમ શિક્ષા અને સમજાવટથી શિક્ષણ અપાય તેમ મનને પણ બંને રીતે કેળવી શકાય - મા આનંદમયી

## બોધકથા

માનવ સ્વભાવમાં અક્કલ વિનાનું અનુકરણ કે ટોળાં શાહીમાં મળી જઇ ગમે તેવો સાચો-ખોટો વિરોધ કરવામાં, સૂર પરોવતા હોઇએ છીએ ઘણીવાર વાતનું તથ્ય કે વિરોધનું સત્ય પણ આપણે સમજતાં નથી. બધા કહે છે કે કરે છે માટે મેં પણ કહ્યું, આવી ઉપર છલ્લી સમજ હોય છે..

ગાંધીજી એક સભામાં ભાષણ આપતા હતા. એ ગામમાં એમના વિચારોથી અલગ મંતવ્ય ધરાવનારાની સંખ્યા વધારે હતી. એટલે ગાંધીજીના ભાષણમાં વિશેષ રસ-રૂચિ પણ ન હતાં પણ ઉત્સુકતાથી સંખ્યા સારી હતી.

અર્ધું ભાષણ તો શાંતિથી પસાર થયું પણ પછી કોમવાદ અને હિંસાની વાત શરૂ થઇ પછી પાછળ બેઠેલા લોકોમાં સૂણસૂણાટ શરૂ થયો બૂમો પડવા લાગી, 'પાછળ કંઇ સંભળાતું નથી.'

ગાંધીજીએ પહેલાં બધાને શાંત કર્યાં. પછી ધીમેકથી કહ્યું, પાછળ જેને મારો અવાજ ન સંભળાતો હોય એ લોકો પોતાનો હાથ ઊંચો કરે!

કેટલાક લોકોએ હિંમતથી હાથ ઊંચા કર્યાં..

ગાંધીજીએ સ્મિત સાથે કહ્યું, તમે મારી આ ધીમેથી બોલાયેલી સૂચના સાંભળી શક્યા પણ 'ભાષણ' નથી સંભળાતું ખરું ને!

સભામાં હાસ્ય રેલાયું..

# પોલીસતંત્રનું માન સન્માન જળવાવું જોઇએ

## તંત્રી સ્થાનેથી...

'તમારી ખાખી વર્દી ઉતરાવી દઈશ.', 'તમારા બક્કલ-પટ્ટા ઉતરી જશે.' સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં એક ડોકટરે ઉચ્ચારેલા આ શબ્દો છે. આવા વિધાનો ખુબ વખત અખબારોના પાને ચમકે છે. અને પોલીસ સ્ટેશનોમાં પડઘાય છે. પોલીસતંત્ર ઉપર રાજકીય રોફ જમાવવો એ આજકાલ ફેશન થઈ ગઈ છે. સામાન્ય ટ્રાફિક પોલીસ સીટ બેલ્ટ બાંધવા અથવા તો લાઈસન્સ માંગવા ગાડી ઊભી રખાવે તો પણ કડક શબ્દોમાં હું કોણ છું? ઓળખે છે તું? બદલી થઈ જશે. ડાંગ-આહવા જવુ પડશે. આવી વાતો દ્વારા પોલીસ ઉપર દાદાગીરી કરવાનો પ્રયાસ ખાસ કરીને રાજકીય કાર્યકરોમાં વધતો જાય છે. પોલીસનું કામ કાયદો અને વ્યવસ્થા જાળવવાનું છે. આરોપીઓને અને કાયદાનો ભંગ કરનારા લોકોને પકડવાની અથવા એમની સામે કાર્યવાહી કરવાની પોલીસતંત્રની જવાબદારી છે. આમ છતાં રાજકીય વગ ધરાવતા મહાનુભાવો પોલીસને દબડાવવાનું ચૂકતા નથી. આ બનાવો તંદુરસ્ત સમાજ વ્યવસ્થા માટે યોગ્ય નથી.

પોલીસને પોલીસનું કામ કરવા દેવું જોઈએ. પોલીસનું મોરલ સચવાય તેની જવાબદારી પણ સમાજની જ છે. અને પોલીસ માટેનો વિશ્વાસ જળવાય એ માટેની જવાબદારી પોલીસતંત્રની છે. પોલીસનો દાબ સમગ્ર સામાજિક વ્યવસ્થા પર હોવો જ જોઈએ, જે જરૂરી છે. પરંતુ કયારેક સત્તાના દુરૂપયોગમાં પોલીસ પણ કયારેક અતિરેક કરે છે. એ વાત પણ એટલી જ સાચી છે. પ્રજાનો પોલીસ પર વિશ્વાસ જળવાય અને પોલીસ પ્રજા સાથે વિનયપૂર્વક વર્તાવ રાખે તો મહદ્અંશે સમસ્યાઓનો નિવાડો લાવી શકાય. પોલીસ - પ્રજા મિત્ર. એ સૂત્ર ચરિતાર્થ કરવા ઉભય પક્ષે સહસિંતન જરૂરી છે. પોલીસ સ્ટેશનમાં પોલીસ અધિકારીઓનું સન્માન જળવાય એની સાથે સાથે પોલીસનો વિવેકપૂર્ણ અભિગમ જળવાય તે પણ એટલું જ જરૂરી છે. પોલીસ અને પ્રજા એકમેકને પૂરક બની ગુનાખોરી ડામવામાં કદમ મિલાવે તો ક્રાઈમ રેટ આપોઆપ ઘટી જાય, પ્રજાના રક્ષણની જવાબદારી સંભાળતા પોલીસતંત્રનું માન-સન્માન જળવાય એ સામાજિક જવાબદારી છે.

# જેમ સિગારેટના પેકેટ પર કોઇ વાંચી શકે નહીં તેવી કાળજીથી લખાયેલ ખૂબ જ ઝીણા અક્ષરવાળી ચેતવણી હોય છે તે જ પ્રમાણે પત્નીએ પણ ઝીણા અવાજથી મને ચેતવ્યો!

## હળવાશની ક્ષણોમાં!

- ચિત્રસેન શાહ

## કહાની-૨

હિન્દી પિકચર પ્રોડ્યુસરોમાં છેલ્લા કેટલાક સમયથી જે નામના પિકચરે સફળતા મેળવી હોય તેની સિક્વલ બનાવી સફળ થયેલ પિકચરની સફળતાનો લાભ લેવાનો ક્રેઝ વાયરલ ઈન્ફેકશનની માફક ફેલાયેલો છે! એટલે જ 'ધૂમ' પરથી 'ધૂમ-૨', 'ધૂમ-૩' વિગેરે તેમજ 'ડૉન' પરથી 'ડૉન-૨' વિગેરે... પિકચરો બનેલ છે.

પરંતુ આ લેખને ઉપરોક્ત શિર્ષક આપી 'કહાની' પિક્ચરની સફળતાનો લાભ એ પિકચરના પ્રૉડ્યુસર-ડાયરેકટર લે તે પહેલાં અમે જ લેવાનું નક્કી કર્યું!

સર્વાંગ સુંદર સસ્પેન્સ થ્રીલર 'કહાની' પિકચર મોટા ભાગે ઘણા લોકોએ જોયું જ હશે. અને તેમાં વળી શ્રી હિરેન ભટ્ટના સાડા પાંચ 'સ્ટાર' ના રેટીંગ વાળું Real View વાંચીને તો બીજા સત્તર કામ પડતા મૂકીને પિકચર જોવાનું, 'સાડા સત્તરમું (૧)' કામ પહેલાં કરવું પડે! અમારા એક મિત્ર તો રેટીંગના સ્ટાર પ્રમાણે પિક્ચર જુએ! એક સ્ટારવાળું એક વાર જુએ, બે સ્ટાર વાળું બે વાર જુએ... એ પ્રમાણે... જોકે 'કહાની' તેમણે કેટલીવાર જોયું તે ખ્યાલ નથી!

'કહાની'ના રિવ્યુમાંથી એક વાક્ય વાંચીને તો મજા પડી ગઇ! તેમણે લખ્યું છે - 'આ સસ્પેન્સ પિકચર અંગે 'પછી શું? - પછી શું?' પૂછયા કરશો તો પછી પિકચરમાં જોશો શું?! શ્રી હિરેન ભટ્ટને કહેવાની ઈચ્છા થાય છે - 'લખવામાં લગે રહો!''

વળી આ લેખના લખનાર કેટલોક સમય કોલકત્તા રહેલ હોવાથી તેમજ મોટા બહેનનું ઘર પણ ત્યાં હોવાથી ઘણીવાર ત્યાં જવાનું થાય. એટલે કહાની પિકચરમાં દેખાડેલ ઘણા લૉકેશન -કાલીઘાટ, હાવડા બ્રીજ, પોલીસ સ્ટેશનનો એરીયા તેમજ પૂજા ફેસ્ટીવલનો પ્રોસેસન વિગેરેથી પરિચિત હોઈ પિકચરમાં જોઈને વધારે રોમાંચ થાય. હવે કોલકત્તા જવાનું થશે ત્યારે ત્યાંના જે ગેસ્ટહાઉસની ૧૫ નંબરની રૂમમાં વિદ્યા બાલન રહેલી તે જોવાની પણ ઈચ્છા થશે! કારણ કે આજકાલ તો એ ગેસ્ટહાઉસ ટુરીસ્ટ સેન્ટર બની ગયું છે! તે ગેસ્ટહાઉસને જોઈને (ખરેખર તો વિદ્યા બાલનને જોઈને!) કદાચ અમિતાભ બચ્ચન બોલી પણ ઉઠે કે - 'ખૂશ્બુ બેંગાલ કી!'

(જો કે વિદ્યા બાલન મૂળ તમિલ પણ મલયાલમ ભાષી! - આ વાંચીને અમારા એક મિત્રે કોન્ટેટ કરી - 'તમે વિદ્યા બાલન પર Ph.D કર્યું લાગે છે!')

અગાઉ જણાવ્યું કે તેમ ઘણી સફળ પિકચરોની સિકવલ બનાવી પ્રોડ્યુસરો ટંકશાળ પાડી રહ્યા છે!

'આવારા-૨', 'બરસાત-૨', 'ઝનક ઝનક પાયલ બાજે-૨', 'શ્રી ૪૨૦-૨', 'હમ સબ ચોર હૈ-૨' વિગેરે બની શકે! પરંતુ આપણા દેશની આજની પરિસ્થિતિ જોતાં -

'શ્રી ૪૨૦-૨' અને 'હમ સબ ચોર હૈ-૨' સૌથી વધારે વાસ્તવિક સાબિત થાય!

આ પિકચર્સ જો કોઈ બનાવશે તો તેના મોટા મોટા પોસ્ટર્સ નીચેની જગ્યાએ તો ખાસ લગાવશે!

- લોકસભાની બહાર!
- બધી જ ધારાસભાઓની બહાર!
- લશ્કરની ત્રણે પાંખોના હેડ ક્વાર્ટ્સની તેમજ સંરક્ષણ મંત્રાલયની બહાર!

દેશ માટે અતિ મહત્ત્વના સંરક્ષણ જેવા ખાતામાં જો નિમ્ન કક્ષાની શસ્ત્ર સરંજામની સામગ્રી, મિસાઈલ, હેન્ડ ગ્રેનેડ વિ. આવ્યા હોય ત્યારે સરહદ પર લડતા બહાદુર જવાનોની સ્થિતિ અણીના સમયે કેવી થાય?!

શહીદો જવાનો જ થાય! મલાઈ ખાનારા તો ત્યારે A.C. પિકચર હૉલમાં આરામથી 'હમ સબ ચોર હૈ-૨' જોતાં બેઠાં હોય! આવી પરિસ્થિતિ કંટ્રોલમાં ન લેવાય તો એક દિવસ એવો પણ આવી શકે જયારે મારા-તમારા ઘરની બહાર દુશ્મન દેશનો સૈનિક આંટાફેરા મારતો હોય!

આવી પરિસ્થિતિ આવે નહીં તે માટે જ જરૂરિયાત છે. અન્ના હઝારે જેવાની હવે આજની આપણી 'કહાની-૨' માં પણ સસ્પેન્સ તો ઊભો કરવો જ પડશે ને?!

હું પહેલી એપ્રિલે સવારે કોઈ પ્રોગ્રામમાં જવા બહાર નીકળતો હતો ત્યારે પત્નીએ 'ઝીણા અવાજે(!)' ચેતવણી આપી કે - 'જો જો, કોઈ એપ્રિલફૂલ બનાવી ન જાય!'

(જેમ સિગારેટના પેકેટ પર કોઈ વાંચી શકે નહીં તેવી કાળજીથી લખાયેલ ખૂબ જ ઝીણા અક્ષરવાળી ચેતવણી હોય છે તે જ પ્રમાણે પત્નીએ પણ ઝીણા અવાજથી મને ચેતવ્યો!)

બપોરે હું વિજયના સ્મિત સાથે પાછો ફર્યો અને ગર્વથી કહ્યું - 'આજે ઘણા પરિચિતોએ મને એપ્રિલફૂલ બનાવવાની કોશિષ કરી પણ બદાએ બધી કોશિષ નિષ્ફળ બનાવી!' પત્નીએ સાંભળ્યું ન સાંભળ્યું કરીને કહ્યું - 'તમે ગયા પછી એક સંસ્થામાંથી ફોન હતો અને તે મુજબ આજે સાંજે ૬ વાગ્યે તમારે તેમના એક પ્રોગ્રામમાં ચીફ ગેસ્ટ તરીકે જવાનું છે! સંસ્થાનું નામ છે - 'પત્નીઓથી પિડીત ત્રસ્ત પતિઓનું મંડળ!' મેં તેમને કહ્યું કે આમ છેલ્લી ઘડીએ તમે ફોન કરો તે કેમ ચાલે?'

તેના જવાબમાં ફોન કરનારે કહ્યું કે - 'આમ તો બીજા એક 'પત્નીની ત્રસ્ત પતિ ચીફ ગેસ્ટ તરીકે આવવાના હતા. પરંતુ હમણાં જ તેમનો ફોન આવ્યો કે તે નહીં આવી શકે કારણ કે તેમના પત્નીએ તેમને 'નજર કેદ' હેઠળ રાખ્યા છે!'

પત્નીએ મને કહ્યું - 'તમે તો રાબેતા મુજબ તમારો મોબાઈલ ઘેર ભૂલી ગયેલા! નહીં તો ડાયરેકટ તમારી સાથે વાત કરાવી દેત!' આવી સંસ્થાઓએ 'સંકત સમયની સાંકળ' તરીકે લીસ્ટ રાખ્યા હોય છે કે કોને છેલ્લી ઘડીએ શોભામાં અભિવૃધ્ધિ કરવા બોલાવી શકાય!

(અનુસંધાન પાના નં. ૭ પર)

# 'બિપાશા' ખૂબ સ્લિમ છે, એને મળવાનું ડ્રીમ છે - મજાની એક સ્કીમ છે, બીજી હીરોઇનો ડીમ છે

## Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

હું કેટલાંક વર્ષોથી ફિલ્મ હીરોઈન બિપાશા બાસલુનો ફેન છું. એનું 'જિસ્મ' જોયાં પછી હું અત્યંત આકર્ષાયો તે છેક 'પ્લેયર્સ' સુધીના પિક્ચર 'ફર્સ્ટ ડે, ફર્સ્ટ શૉ' માં જોવાં દોડી જાઉં છું... ઘરે પણ જો ટી.વી.ની કોઈ ચૅનલ પર બિપાશાનું ગીત કે ડાન્સ આવતો હોય એ વખતે મારાં બાળકો કે પત્ની ચૅનલ બદલે તો મને જરાય ગમતું નથી!!

હું ઘણીવાર વિચાર કરું છું કે કોણ ભાગ્યવાન હશે જે બિપાશા જોડે લગ્ન કરશે? અરે, ફિલ્મમાંય જો કોઈ બિપાશાને આલિંગન કરે કે છડતી કરે તો હું છળી ઉઠું છું! મને કેમ આ કામણગારી બિપાશા જેવી પત્ની મળી નહીં એ માટેય જીવ બાળતો હોઉં છું. અરે, એની જન્મ તારીખ ૭મી જાન્યુઆરીએ હું એની સાથે બર્થ-ડે પાર્ટી મનાવી એને કૅક ખવડાવતો હોઉં એવી પરિકલ્પનામાં ખોવાયેલો હતો!!

બિપાશાનો એક આકર્ષક ફોટો મેં મારી ઑફિસની તિજોરીમાં રાખ્યો છે, અને એને દિવસમાં બે વાર નીરખી લઉં છું. ટૂંકમાં કહું તો બિપાશા મારી ડ્રિમ ગર્લ છે... પરિવારની જવાબદારી સાથે બિપાશાની યાદોમાં મારી જિંદગી મસ્તીથી પસાર થઈ રહી હતી!!

આજે સાંજે હું ઑફિસેથી ઘરે આવ્યો અને 'જીતેન્દ્ર પટેલ' એટલે કે મારા નામનું બિપાશાના ચિત્રવાળું કવર જોતાં જ રોમાંચિત થઈ ઉઠ્યો. મારાં આંગણામાં પડેલાં એ કવરને હળવેકથી ઉપાડી ધડકતાં દિલે કવર ખોલ્યું, ત્યારે મારા આનંદની કોઈ સીમા જ ન રહી! અઠવાડિયા પહેલાં ઈન્ટરનેટ પર યોજાયેલી ક્વિઝમાં 'બિપાશા બાસુ' ના બધાં જવાબ સાચાં પડતાં મને 'પ્લેયર્સ' પિક્ચરનાં પ્રમોશન માટે 'સિટી પલ્સ' આવનારી બિપાશા સાથે મુલાકાત અને ડિનર માટેનાં પાંચ લકી વિનરમાં મારૂં નામ પસંદ થયું હતું. 'બિપાશા' એના હાથે આ પાંચ જણને એક ગિફ્ટ અને ઑટોગ્રાફ પણ આપવાની હતી અને આ પાંચમાં 'જીતેન્દ્ર પટેલ' નું નામ એટલે જાણે મારી 'બિપાશા'



હાથવેંતમાં દેખાવા લાગી!!

મારે આ માટે માત્ર એમણે મોકલેલું એક ફૉર્મ ભરીને લઈ જવાનું હતું અને સાથે ડિનર ફ્રી પેટે એક હજાર રૂપિયાનો ડી.ડી. લાવવાનો હતો. 'બિપાશા'ની મુલાકાત માટે હજારનો ડી.ડી. એટલે લાખ રૂપિયાની લૉટરી માટે મેલડી માતાને શ્રીફળ - ચૂંદડી જેવી ફાલતું રકમ મને લાગી!! હું તો આ પત્ર વાંચીને અત્યંત રોમાંચિત થઈ ઉઠ્યો, એ કવરને જાળવીને મારાં શર્ટમાં બટન ખોલી મારાં હૃદય સરસું ચાંપી દીધું!!

હવે, મને મારાં નસીબ પ્રત્યે ગર્વ થવા લાગ્યો, હજારો આશિકો વચ્ચે બિપાશા જે પાંચ વ્યક્તિને મળવાની છે એમાંનો હું પણ એક છું. એવી કલ્પનાં જ જબરદસ્ત હતી... બિપાશાની મુલાકાત, ઑટોગ્રાફ, ડિનર, એની સાથે ફોટોગ્રાફ, વર્તમાનપત્રોમાં મારાં ફોટા સાથેનો ઈન્ટરવ્યુ, વાહ હવે તો મારો વટ પડી જવાનો!! ઑફિસમાં મારાથી કતરાતા સહકર્મચારીઓ હવે બિપાશા સાથેનો ફોટો ન્યૂઝ પેપરમાં જોશે એટલે બળીને ખાક થઈ જશે... હું મનોમન પોરસાતો હતો, બળો સાલાઓ બળો, કાલે હવે મારી બિપાશા સાથેની મુલાકાત હું કરીને જ જંપીશ!! મને લાગ્યું હું કોઈ સ્વપ્ન તો જોતો નથી ને? ખાત્રી કરવા મેં જાતે જ ચૂંટલો ખણી જોયો, સેફ્ટી પીન ઘુસાડી જોઈ, પણ હા, સત્ય આ જ હતું!!

હવે મારા ફટાફટ તૈયારી કરવી જ જોઈએ. હું મારા મિત્ર સમીર ત્રિવેદી પાસેથી બે હજાર ઉછીના લઈ એક ઝાકમઝોળ શૂટ રેડિમેડ ખરીદી લાવ્યો. પત્નીને એનાં જન્મ દિવસે સાડી લેવાં આપેલાં હજાર રૂપિયા પાછા માગી લીધા. સાડી તો ગમે ત્યારે લેવાશે અને પત્ની કયાં ભાગી જવાની છે! પણ બિપાશાને મળવાનો લ્હાવો તો જિંદગીમાં એક વખત જ મળવાનો ને?! મોંઘામાંનો ઈમ્પૉર્ટેડ પર્ફ્યુમ પણ મન મક્કમ કરી ખરીદી લીધો. આટલી ટકાટક તૈયારી કરી તાત્કાલિક 'ગાર્નિયર' થી પત્ની જોડે વાળ રંગાવી હું 'બિપાશા' ની મુલાકાત માટે સજીધજી ગયો...

રાત આખી એનાં વિચારોમાં રાચતો સવારે ઍલાર્મ વાગે એ પહેલાં જ જાગીને તૈયારીમાં લાગી ગયો. આમ તો, ડિનરનો કાર્યક્રમ સાંજે હોય પણ મારૂં મન પેલી મીરાંની જેમ મારી બિપાશામાં જ લાગેલું તે સવારે જ 'સિટી પલ્સ' માં જઈ પહોંચ્યો. બિપાશાને મળવાની લ્હાયમાં સવારનો નાસ્તોય અડધો છોડી દીધેલો. 'સિટી પલ્સ'માં સવારથી જ ભીડ જામેલી, મને મારો વહેલાં પહોંચવાનો લીધેલો નિર્ણય યોગ્ય જ લાગ્યો. મેં પેલા લેટર અને ફૉર્મ સિક્યુરીટીને બતાવ્યું, એણે મને લૉનમાં બેસવાં જણાવ્યું. મારાં જેવાં ચાર પહેલેથી જ ત્યાં પહોચેલાં હતાં. થોડીવાર પછી મેનેજરે આવીને અમારી પાસેથી પેલો પત્ર, ફૉર્મ અને હજારનો ડી.ડી. લઈ 'સિટી પલ્સ' માં ઘુસી ગયો!!

ભૂખ્યાને તરસ્યા અમે પાંચેય જણાં 'બિપાશા'ની વાતો કરતાં સમય પસાર કરી રહ્યાં હતા. જનરલ ભીડ ધીમે ધીમે વધતી જ જતી હતી, પણ અમે નિશ્ચિંત હતા. બપોરનાં ચાર વાગતાં પોલીસની ગાડી સાયરન વગાડતી આવી અને એની પાછળ જ વી.આઈ.પી. ગાડીમાંથી પાર્ટીવિઅર પીંક કલરની સાડીમાં લો કટ બૅકલેસ બ્લાઉઝ અને ખુલ્લા વાળ સાથે બિપાશાની એકાદ અપલક ક્ષણિક ઝલક લઈએ ના લઈએ ત્યાં સુધીમાં તો થિયેટરમાં બિપાસા અંતર્ધ્યાન થઈ ગઈ!!

(અનુસંધાન પાના નં. ૭ પર)

# આમ તો હીના પરણેલી, તેનો પતિ વિશાલ કોમ્પ્યુટર એન્જિનિયર, એક ખુબ જાણીતી મલ્ટીનેશનલ કંપનીમાં ઉચ્ચ હોદ્દો ધરાવે છે, કામમાં સતત વ્યસ્ત રહે, કેરિયરની તેને બહુ ફીકર, ઓફિસના કામે અવારનવાર જાપાન, અમેરિકા, કે વિશ્વના અન્ય દેશોમાં ફર્યા કરે

## નવાં કલેવર

- નટવર હેડાઉ

ન ઉમ્ર કી સીમા હો, ન જન્મ કા હો બંધન, જબ પ્યાર કરે કોઇ, તો દેખે કેવલ મન... નથી રીત ચલાકર તુમ યે રીત અમર કર દો... ખરેખર પ્રેમમાં તો આવું જ બધું હોય છે. તેનો વિસ્તાર ખુબ વિશાળ હોય છે. તેમાં ઊંચ-નીચ, ગરીબ-તવંગર, રંગભેદ કે ઉંમરની કોઈ સીમા હોતી નથી. પણ આવો પ્રેમ વાર્તાઓ અને ફિલ્મોમાં જ જોવા સાંભળવા મળે છે. આજની યુવાપેઢી 'બ્લાઈડ લવ' માં વિશ્વાસ કરતી નથી. એ તો દિલ નો સોદો કરતાં પહેલાં દેખાવ, સ્ટેટસ જેવી ઘણી બાબતોને ધ્યાનમાં લે છે. ત્યારે પ્રેમની જેને ઝંખના છે તે પોતાના પ્રત્યે જરા વધુ જ ધ્યાન આપવા લાગે છે. હીનાનું પણ કંઈક એવું જ છે. સુંદર રીતે કાપેલા વાળ, સ્લીવ લેસ ટૉપ અને જીન્સ, હીલવાળાં સેન્ડલ અને ગૉગલ્સમાં શ્યામલી છતાં કામણગારી લાગતી હીના જો સલુકાઈથી સાડી પહેરીને નીકળે તેની સાથે ટૂંકી બાંયનું મેચીંગ બ્લાઉઝ અને રૂપકડું પર્સ ભરાવ્યું હોય ત્યારે પણ એટલી જ મનમોહક લાગતી. ચાલીસની નજીક પહોંચેલી હીના માંડ વીસ પચ્ચીસની લાગે, તેનો ઘાટીલો દેહ કરીના કપૂર જેવું જીરો ફીગર જાળવા ખાસ પ્રયત્નો કરતી. લિપ્સ્ટીક અને મેક-અપ તેના યૌવનની વસંતને સુંદર નિખાર સાથે તેમાં ખૂશ્બુદાર સેંટથી મઘમઘતી કાયા ભલભલાને ઘાયલ કરી દે તેવું તેનું વ્યક્તિત્વ છે. આજકાલની યુવતીઓની જેમ ગરમીમાં મોં પણ ઓઢણી બાંધીને પુરપાર એક્ટિવા ચલાવવાનો તેને શોખ છે.

આમ તો હીના પરણેલી. તેનો પતિ વિશાલ કૉમ્પ્યુટર એન્જિનિયર, એક ખુબ જાણીતી મલ્ટીનૅશનલ કંપનીમાં ઉચ્ચ હોદ્દો ધરાવે છે. કામમાં સતત વ્યસ્ત રહે, કેરિયરની તેને બહુ ફીકર. ઓફિસના કામે અવારનવાર જાપાન, અમેરિકા, કે વિશ્વના અન્ય દેશોમાં ફર્યા કરે. જો કે હીનાની દરેક જરૂરતોનું પણ એટલું જ ધ્યાન રાખે. આમ કરતાં કરતાં તેમનાં લગ્નને પાંચ-સાત વર્ષ વીતી ગયા. વિશાલના નાના ભાઈ વિવેકનાં પણ લગ્ન થઈ ગયા. એકાદ વર્ષમાં તેના ઘેર પારણું બંધાઈ ગયું. ત્યારે હીનાની સાસુને એમ લાગ્યું કે એ ફૅશનેબલ વહુ ને મારે કંઈક કહેવું જોઈએ. તેણે હીનાને ઈશારો કર્યો. હીના એ સાસુ સામે સ્મિત ફરકાવ્યું. પરંતુ તે બીજા ઓરડામાં ગયા ત્યારે હીનાથી નિઃસાસો નંખાઈ ગયો. તેણે રાત્રે વિશાલને વાત કરી. 'બા મને કહેતાં હતા કે તારે ત્યાં દીકરાને રમાડવા કયારે બોલાવીશ.'

'તો તેં શું કહ્યું?'

'કંઈ નહીં, પણ મને લાગે છે...'

તેની વાત અર્ધેથી જ કાપી નાંખતાં વિશાલે કહ્યું, 'તને કંઈ ભાનબાન છે. આ મારી કેરિયરની શરૂઆત છે. અત્યારથી જ આપણે આ બાળકનાં બખેડામાં પડી જઈશું તો બહુ ચોપટ થઈ જશે.'

'પણ વિશાલ તું ઓફિસે ચાલ્યો જાય છે તે પછી મને એકલું એકલું લાગે છે. હું બૉર થઈ જાઉં છું.'

'તો કંઈક નોકરી શોધી લે...' એમ કહેતાં તે અખબારમાં પાનાં ફેરવતો હતો તેમાં તેની નજરે પડેલી એક જાહેરાત તેણે હીના ને બતાવી. જો આમાં એક પંથ ને દો કાજ જેવું છે. બાલમંદિરમાં શિક્ષિકાની નોકરીમાં તારો સમય પણ પસાર થઈ જશે અને તને એક નહીં અનેક સુંદર નાનાં નાનાં ભૂલકાંઓ મળશે. વળી જવાબદારી પણ કંઈ નહીં.'

આ સાંભળી હીના એ વખતે તો મોં મચકોડીને ચાલી ગઈ. પણ પછી વિચાર કર્યો કે વાત કંઈ ખોટી તો નથી. આટલા વર્ષના લગ્ન જીવન દરમિયાન વિશાળ કંઈ ઉકાળી શક્યો નથી. તો હવે તેને વધુ કહેવાનો શું મતલબ છે.

બીજે દિવસે એ બાલમંદિરનો ઈન્ટરવ્યુ આપવા ઉપડી ગઈ. તેનું વ્યક્તિત્વ, વાક્છટા જોઈને ઈન્ટરવ્યુ લેનાર હિતેન્દ્ર શાહ પણ તેનાથી આકર્ષાયા. પણ તેમને જે પગાર ઑફર કર્યો તે કોઈ પણ સ્વીકારે તેવો ન હતો. છતાં હીના એ જયારે એ સ્વીકારવાની તૈયારી બતાવી ત્યારે તેમને આશ્ચર્ય થયું. હકીકતમાં હીના પણ હિતેન્દ્રનાં આકર્ષક વ્યક્તિત્વ, રૂઆબદાર ફ્રેન્ચ-કટવાળો ચહેરો અને મોહક સ્મિતથી ઘાયલ થઈ ચૂકી હતી. હિતેન્દ્રની આંખોમાં તેને પોતાના સપના, અરમાનો અને ઈચ્છાઓની પૂર્તિના દર્શન થતાં. અંદર પડેલી ઝંખના જાગી ઉઠી. તેમાં બીજા દિવસથી જ સુંદર નાનાં નાનાં ભુલકાંઓ અને તેમની કાલીઘેલી ભાષા સાંભળી તેમની સાથે મજાક મસ્તી કરતાં રમતો રમાડતાં અને ગીતો ગવડાવતાં ગવડાવતાં હીનાની અંદર પડેલો માતૃત્વની ઝંખનાનો ઉમળકો ચોમાસાના ઘાસની જેમ વધવા લાગ્યો. રસ્તામાં આવતાં જતાં ઢેલની આજુબાજુ ફરી કળા કરી નૃત્ય કરતાં મોરને જોઈ તેનું મન પણ થરકાટ કરવા લાગ્યું. તેણે પોતાના તરફ વધુ ધ્યાન આપવા માંડ્યું. કારણ કે તેણે જોયું કે હવે તો એક ઢેલની આજુબાજુ બબ્બે મોર કળા કરી રહ્યાં છે.

વિશાલ પણ હીનાને ખુબ જ પ્રેમ કરતો હતો, તેથી તેનામાં પણ કંઈક લાલસા જાગે તેમ હીના ઈચ્છતી હતી. તેથી પડોશીને ત્યાં જન્મેલ નાની બાળકીને એ કયારેક કયારેક તેડી લાવતી અને વિશાલના ખોળામાં આપી દેતી. વિશાલને પણ એ ગમતું પણ તે પોતાની મજબૂરી જાણતો હતો. તેને છુપાવવા ને કેરિયરની વાત કરી હીનાને ચુપ કરી દેતો હતો. હાં, તે ભૌતિક સુખ સુવિધાઓથી તેને વધુને વધુ ખુશ રાખવાન પ્રયત્નો કરતો તે પોતાની મર્યાદા સમજતો હતો.

(અનુસંધાન પાના નં. ૭ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૧૧મી એપ્રિલ**

### રંગબેરંગી ફૂલોની સૃષ્ટિને ભેટ આપનારા મહાન વનસ્પતિ શાસ્ત્રી લ્યુથર બુરલેકની આજે પુણ્યતિથિ

તા. ૧૧-૪-૧૯૨૬માં અવસાન પામનારા, ફૂલોની જાતને વિકસાવનારા લ્યુથર બુરલેકની આટે પુણ્યતિથિ.

મોટા બલેન્ક બટાકા, ગુલાબ, લીલી, ટહેલીયાસ, ટોપીઝ, પેરયુનિઆઝ અનો બીજા અસાંખ્ય ફૂલોની રંગબેરંગી જાતો તથા તદન નવું ઉત્પન્ન કરેલું ફુલ 'સરકાડેઈઝ' એમને આપેલી મૂલ્યવાન ભેટ છે.

- આજે રાષ્ટ્રપિતા ગાંધીજીના ધર્મપત્ની કસ્તુરબાનો જન્મદિન ૧૧-૪-૧૮૬૯. તેમની સ્મૃતિમાં સલામત માતૃત્વ દિનાની ઉજવણી કરવામાં આવે છે. આરોગ્ય એન સ્વાસ્થ્યની સલામત સેવાઓ સુલભ બનાવીને સુરક્ષિત માતૃત્વ માટે વિવિધ આયોજન કરવામાં આવે છે.
- ગુજરાતના નરરત્ન અને ભૂ.પૂ. વડાપ્રધાન મોરારજી દેસાઈનું અવસાન ૧૯૯૫.
- જાહોજલાલીને લાત મારીને રાષ્ટ્રને ચરણે જીવન સમર્પણ કરનાર મીઠુબેન પીટીટનો ૧૮૮૨માં જન્મ.
- ખેડા જિલ્લા અંગે ૧૯૧૮માં ગાંધીજી કમિશનરને મળ્યા. આજે આંતરરાષ્ટ્રીય મજદૂર સંઘની સ્થાપના થઈ ૧૯૧૯.